# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/ ૬૩/ક્વા-૩/૨૦૨૦-૨૧/૬૩ તા.૧૦.૦૨.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૬૩/ક્વા-03/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી લખમણ કરશન બારડ, નગા જેસા બારડ ગામ – આછીદ્રા

સબડીવીઝન: ચોરવાડ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી માંગરોળ

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

તારીખ: ગુરુવાર (૨૮.૦૧.૨૦૨૧)

**:: અરજદારની રજૂઆત ::**

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, સવિનય સહ જણાવવાનું કે અમો જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલુકાના આછીદ્રા ગામના વતની અને ખેડૂત ખાતેદાર છીએ અમારી માલિકીના ખેતર ના સરવે નંબર માં અમારું જુનુ પીજીવીસીએલ એલટી લાઇન નું કનેક્શન આવેલ છે જે કનેક્શન એલટી લાઈન નહીં હોવાથી અમોને પીજીવીસીએલ અને સરકારના નિયમ મુજબ અમારા સર્વે નંબરમાં ૧૧ કેવી લાઇન નાખવા માટે મંજુર થયેલ છે જે અંગે નગાભાઈ જસાભાઈ તથા લખમણભાઇ કરસન ભાઈ બારડે તમારા સર્વે નંબરમાં વાંધો ઉઠાવ્યો છે તેવું જાણવા મળતાં અમારામાં ટ્રાન્સફોર્મર પણ ઊભા કરી આપેલ છે પરંતુ આ લોકોના ઉપરોક્ત વાંધા ને લીધે કેબલ

નાંખવામાં આવેલ નથી અમારું કનેક્શન ૪૦ વર્ષ જુનું એલટી નું આવેલ છે અને હાલમાં પણ આ કનેક્શન ચાલુ છે જેથી અમોને અલગ ટીસી મળવામાં વિલંબ થાય છે.

ધીરુભાઈ અમરાભાઇ સોલંકી ૧૧ કેવી નું કનેક્શન માંગતા અમોએ આ કામે પણ વાંધો લીધેલ જે વાંધાનું કારણ એ હતું કે અમોને કનેક્શન આપવામાં આવે તો અમે તેઓને કનેક્શન આપવા દઈએ અને તમારો વાંધો તમે જતો કરો અને બધાને કનેક્શન મળે તો અમે સંહમત છીએ જેથી અમો અને સામાવાળા વચ્ચે વાદવિવાદ હોવાથી ત્રણ વર્ષ થયા કેબલ વાયર નાખવામાં વિલંબ થયેલ છે પરંતુ હમણાં અમોને જાણવા મળેલ છે કે સામાવાળા રાજકીય વગનો ઉપયોગ કરી અને આર્થિક રીતે સદ્ધર હોવાથી તેઓ કનેક્શન ટૂંક સમયમાં મેળવી અને ટૂંક સમયમાં મોટર ચાલુ કરી શકશે જેની સામે અમારો વાંધો છે અને આ બાબતે મે ચોરવાડ પીજીવીસીએલ અરજી આપેલ છે અમારી માંગણી છે કે કનેક્શન તમામ માંગણીદાર ને આપવામાં આવે અને કોઈ પણ વાંધો ઉઠાવે નહીં અમારા કનેક્શનમાં ધીરુભાઈ વાંધો ન ઉઠાવે તો અમને પણ ધીરુભાઈ સામે કોઈ વાંધો છે નહીં પરંતુ મળે તો બધાને કનેક્શન મળે તેવી અમારી માંગણી છે ધીરુ અમરા તથા મેરામણ અમરા માથાભારે તથા રાજકીય વગ અને પૈસાદાર હોવાથી નિયમોને નેવે મૂકી અને પોતાના કુવા થી ૫૦ ફૂટ દૂર ટીસી મુકાવી દીધેલ છે અને પોતાની રાજકીય વગ નો ઉપયોગ કરી અને યેનકેન પ્રકારે તેઓ કનેક્શન મેળવવા માંગે છે જો તેઓને કનેક્શન આપવામાં આવે તો અમારા કનેક્શનમાં તેઓ વાંધો ઉઠાવે જેથી અમોને કનેક્શન આપવામાં આવે તેમાં તેઓ વાંધો ન ઉઠાવે તો તેઓને કનેક્શન આપવામાં અમોને કોઈ વાંધો નથી સ્થળ તપાસ કરી અને જેનું કાયદેસર હોય તેને કનેક્શન આપવા અમારી માંગણી છે અમે નાગા જેસા તથા લખમણ કરસન ના સરવે નંબર માં ૪૦ વર્ષ જૂનું એલટી કનેક્શન આવેલ છે હાલમાં અલગ ટીસીઓ પણ નાખેલા છે અને પોલ પણ ૪૦ વર્ષ જૂના ઊભા છે પરંતુ ૧૧ કેવીના આ માથાભારે રાજકીય વગ ધરાવતા લોકો ૧૧ કેવી નો કેબલ બાંધવા દેતા ન હોવાથી અમોને તાત્કાલિક કેબલ નાખી આમરા ટીસી સુધી પાવર પહોંચાડવા અમારી માંગણી વિનંતી છે જેથી ઉપર મુજબની અમારી માંગણી ધ્યાને લઇ અને આછીદ્રા ગામે ૧૧ કેવી કનેક્શન જેના મંજુર થયેલ છે તે અમો તથા સામાવાળા અમારો વિરોધ ન કરે તો તેઓને અને અમોને આપવા અમારી નમ્ર અરજ છે નહિતર જ્યાં સુધી આ પ્રશ્ન પતે નહીં ત્યાં સુધી વિવાદવાળા કોઈપણને કનેક્શન ન આપવા અમારી અરજ છે.આ બાબતે અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ જૂનાગઢ જીલ્લા ના માળિયા હાટીના તાલુકા ના અછીદ્રા ગામે એચ.વી.ડી.એસ ની કામગીરી ની શ્રી લખમણભાઈ કરશનભાઈ બારડ તથા નગા જેશાભાઈ બારડ ની રજૂઆત અન્વયે વિગતવાર અહેવાલ નીચે મુજબ છે.

(૧) અરજદારનું નામ - શ્રી લખમણભાઈ કરશનભાઈ બારડ તથા નગા જેશાભાઈ બારડ.

(૨) અરજદાર ની રજૂઆત અરજી તારીખ- ૨૪-૯-૨૦૨૦.

(૩) રજૂઆત મુજબ કરવાની થતી કામગીરી: જૂનાગઢ જીલ્લા ના માળિયા હાટીના તાલુકા ના આછીદ્રા ગામે એચ.વી.ડી.એસ ની કામગીરી ની શ્રી લખમણભાઈ કરશનભાઈ બારડ તથા નગા જેશાભાઈ બારડ ની રજૂઆત

(૪) સમારકામ કરી ફરિયાદ નું નિરાકારણ કર્યા તારીખ- ૩-૧૧-૨૦૨૦

(૫) પે વિ કચેરી : ચોરવાડ

(૬) વિભાગીય કચેરી : માંગરોળ

(૭) વર્તુળ કચેરી : પોરબંદર.

૨.૩ સદરહું અરજદાર જૂનાગઢ જીલ્લા ના માળિયા હાટીના તાલુકા ના અછીદ્રા ગામે એચ.વી.ડી.એસ ની કામગીરી ની શ્રી લખમણભાઈ કરશનભાઈ બારડ તથા નગા જેશાભાઈ બારડ ની રજૂઆત અંગે એલટી લાઈન માંથી એચટી લાઈન માં એચ.વી.ડી.એસ. યોજના હેઠળ જરૂરી વાંધા દુર કરી જરૂરી પોલીસ સરક્ષણ મેળવી એચ.વી.ડી.એસ. યોજના હેઠળ કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને ફરિયાદી ની ફરિયાદ નું સુખદ નિરાકરણ થયેલ છે. અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૦૩.૧૧.૨૦૨૦ થી રજુ કરેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૩ મુજબ પીજીવીસીએલ કંપની ની ચોરવાડ કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ માંગરોળ વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૦૩.૧૧.૨૦૨૦ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષા એથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
|---|---|---|
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |